©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] WEDNESDAY, 17th DECEMBER, 2025/AGRAHAYAN 26, 1947 [No. 8604

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫ મુજબ મુસદારૂપ વિકાસ યોજના-૨૦૪૭ ને પ્રસિદ્ધિ આપવા બાબત.

અધિસુચન

જા.નં. લોથલ/વશી/અધિસુચના/૬૩.–સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નં.No.GH/V/109 of 2023/UDUHD/MSM/e-file/18/2023/4339/L Date: 17/06/2023 ના જાહેરનામા થી અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના મોજે.સરગવાડા, સમાણી, ગુંદી, જવારજ, કોઠ, ભોળાદ અને અરણેજ વિસ્તારને વિકાસ વિસ્તાર જાહેર કરી લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવેલ છે. તેમજ નોટિફિકેશન નં. GH/V/158 of 2025/UDUHD/MSM/e-file/18/2023/4339/L-PF-1 Date:06/05/2025 થી ઉટેલિયા ગ્રામપંચાયત વિસ્તારને વિકાસ વિસ્તાર જાહેર કરી લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળમાં સમાવેશ કરેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં નં.No.GH/V/386 of 2025/UDUHD/DVP/e-file/18/2025/6914/L તા.૧૧/૧૧/૨૦૨૫ થી લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનામાં સુધારા કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯ થી લઈને કલમ-૧૬ સુધીની કાર્યવાહી પુનઃ કરવા જણાવવામાં આવેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી “સદરહુ અધિનિયમ” તરીકે “ ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૯ હેઠળ રાજ્ય સરકારને લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે જાણીતા વિસ્તાર માટે આ સાથે જોડેલી અનુસૂચીમાં વર્ણવેલ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરી પુનઃ સાદર કર્યો છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૧) અનુસાર, લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ, આથી, નોટિસ આપે છે કે રાજપત્રમાં વિકાસ પ્લાનના મુસદ્દાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર, તેના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી મળે તેવા કોઈ વાંધા અને સુચનો લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ વિચારણામાં લેશે.

અનુસુચિ

૧. **લોથલ વિસ્તાર વિકાસના મુસદ્દારૂપ વિકાસ નકશાને હવે પાર્ટ-૧ (Existing Conditions, Studies & Analysis), પાર્ટ-૨ (Planning Proposals & Recommendations) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો સુચિત ઉપયોગ અને તે બાબતમાં કરેલ સર્વેની વિગતો જે વિકાસ નકશાની દરખાસ્ત તૈયાર કરતા ધ્યાને લેવાયેલ છે.**

૨. **નકશાઓ :**

ક. લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નકશો. (શીટ નંગ-૧: સ્કેલ ૧ સે.મી.=૨૫૦ મી.)

ખ. લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નકશો. (શીટ નંગ-૨૫: સ્કેલ ૧ સે.મી.=૮૦ મી.)

ગ. લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની સુચિત વિકાસ યોજનાની દરખાસ્તને દર્શાવતો નકશો. (શીટ નંગ-૧: સ્કેલ ૧ સે.મી.=૨૫૦ મી.

ઘ. લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની સુચિત વિકાસ યોજનાની દરખાસ્તને દર્શાવતો નકશો. (શીટ નંગ-૨૫: સ્કેલ ૧ સે.મી.=૮૦ મી.)

૩. **મુસદ્દારૂપ ડેવેલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ :**

(અ) વિકાસ યોજનાના મુસદ્દાની જોગવાઈઓનો અમલ કરવા માટે.

(બ) કોઈ જમીનનો વિકાસ કરવા માટેની પરવાનગી, યથા પ્રસંગ વિસ્તાર વિકાસ સત્તામંડળ પાસેથી કેમ મેળવવી એ રીત સમજાવતી દરખાસ્ત.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપરોક્ત મુસદ્દારૂપ વિકાસ યોજનાની નકલ લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં, કચેરીના સમયે લોકોને જોવા માટે ખુલ્લી રાખેલ છે.

સ્થળ : અમદાવાદ
તા : ૧૬-૧૨-૨૦૨૫

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળ

કચેરીનું સરનામું :

લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરી,
C/o, જિલ્લા કલેક્ટરની કચેરી,
જિલ્લા સેવા સદન, સુભાષ બ્રિજ સર્કલ,
અમદાવાદ-૩૮૦૦૨૭.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.20 10:29:02 IST